R.N.I. No. : GUJGUJ/2000/447-#Dkphgdedg#Mxulvglfwlrq

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . (મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ :##kwws=22#mdjdglvkfkulvwldq1frp#####################################################hpdlo=jduylqdynudqwl#C#jdkr1frp

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

L#xqghohyhuhg#so1#uhwxuq#wr>
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-29 • ISSUE: 42 DATE: 17-10-2020• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## ભારતીય અર્થતંત્ર હવે નિર્ણાયક તબક્કામાં : ૨૦૨૦-૨૧ના જીડીપીમાં ૯.૫ ટકાના ઘટાડાનો અંદાજ : આરબીઆઇ



ભારતીય રિઝર્વ બેન્કની મોનેટરી પોલીસી કમિટીની બીજી દ્રીમાસિક આર્થિક સમીક્ષામાં જણાવાયુ હતું કે વર્ષ ૨૦૨૦-૨૧ના નાણાંકીય વર્ષમાં દેશના જીડીપીમાં ૯.૫ ટકાનો ઘટાડો થવાનો અંદાજ છે. રિઝર્વ બેન્કના ગર્વનર શક્તિકાંન્ત દાસે જણાવ્યુ હતું કે એપ્રિલ-જુન ત્રીમાસિકના જીડીપી ગ્રોથમાં ૨૩.૯ ટકા જેટલો તોતિંગ ઘટાડો થયો હતો. પરંતુ હવે દેશભરમાં કોરોના એક્ટિવ કેસોનું પ્રમાણ ઘટતાં આશાનું કિરણ દેખાઈ રહ્યુ છે. એમપીસીએ જણાવ્યુ હતું કે ચાલુ નાણાંકીય વર્ષના બીજા ત્રિમાસિકના જીડીપી ગ્રોથમાં ૯.૮ ટકા,દ્રીજા ત્રિમાસિકના જીડીપી ગ્રોથમાં ૫.૬ ટકા અને ચોથા ગ્રોથમાં ૦.૫ ટકાનો ઘટાડો થવાનો અંદાજ છે. પરંતુ ત્યારબાદ અર્થતંત્રની ગાડી પુરપાટ દોડવા લાગશે. વર્ષ ૨૦૨૧-૨૨ના પ્રથમ ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથરેટ ૨૦.૬ ટકા નોધાય તેમ છે.દાસે કહ્યુ હતું કે ભારતીય અર્થતંત્ર હવે કોરોના મહામારી સામેની લડાઈમાં નિર્ણાયક તબક્કામાં પહોચી ચુક્યું છે.

## વર્ષ ૨૦૨૦નો શાંતિ માટેનો નોબલ પુરસ્કાર વર્લ્ડ ફુડ પ્રોગ્રામને ફાળે

સમગ્ર વિશ્વમાં ખાદ્ય અસુરક્ષા અને ભુખમરા સામેની લડાઈમાં અગ્રિમ ભુમિકા માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સંચાલિત વર્લ્ડ ફુડ પ્રોગ્રામને વર્ષ ૨૦૨૦નો શાંતિ નોબલ પુરસ્કાર અપાયો છે. યમનથી માંડીને ઉત્તર કોરીયા સુધી કરોડો લોકોને વર્લ્ડ ફુડ પ્રોગ્રામ અંતર્ગત ભોજન પુરુ પાડવામાં આવી રહ્યુ છે. નોબલ કમિટીના પ્રમુખ બેરિટ રીસ એન્ડરસને જણાવ્યુ હતું કે ભુખમરા સામેની લડાઈમાં પ્રયાસો, યુધ્ધગ્રસ્ત વિસ્તારોમાં શાંતિની સ્થાપનામાં યોગદાન અને ભુખને યુધ્ધ શસ્ત્ર તરીકે વપરાતી અટકાવવાના પ્રયાસોમાં મુખ્ય ચાલકબળ પુરવાર થવાના કારણે વર્લ્ડ ફુડ પ્રોગ્રામને સન્માનિત કરાયો છે. ખાદ્ય સુરક્ષાને શાંતિનું સાધન બનાવવા બહુઆયામી સહકાર ઊભો કરવા માટે વર્લ્ડ ફુડ પ્રોગ્રામ મહત્વની ભુમિકા ભજવી રહ્યો છે.આલફ્રેડ નોબેલની ઈચ્છા પ્રમાણે વિશ્વના દેશોમાં ભાઈચારો વધારવા સંયુક્ત રાષ્ટ્રનો આ કાર્યક્રમ મહત્વનું યોગદાન આપી રહ્યો છે.

## ધર્મ કે આસ્થા પુરવાર કરવા ભીડમાં જવાની જરુર નથી,ઘેર રહીને તહેવારોની ઉજવણી કરો,કોરોનાથી બચવા સાવચેતી રાખોઃ કેન્દ્રીય આરોગ્યમંત્રી હર્ષવર્ધન

કેન્દ્રીય આરોગ્યમંત્રી હર્ષવર્ધને લોકોને ચેતવણી આપતાં કહ્યુ હતું કે કોરોના એ શ્વસનતંત્રને અવરોધતો વાયરસ છે. અને શિયાળાની આગામી સીઝનમાં તેનો ચેપ અને ફેલાવો વધી શકે છે. તેમણે સ્પષ્ટ કહ્યુ હતું કે તમારી આસ્થા કે ધર્મને પુરવાર કરવા માટે મોટી સંખ્યામાં એકત્ર થવાની જરુર નથી. તમે તમારા ઘેર ઈશ્વરની પ્રાર્થના કરી શકો છો.હું આપને સલાહ આપીશ કે તમે તમારા ઘેર રહીને તહેવારોનો ઉજવણી કરો. જો કે જાણવાની વાત એ છે કે લોકોને આવો આકરો મેસેજ આપનરા મંત્રી હર્ષવર્ધન દેશમાં યોજાનારા ચુંટણી માટે રેલી કે સભા યોજવા માટે રાજકીય પક્ષોને કોઈ વાત કરી ન હતી કે શિખામણ આપી નહોતી.

કોરોનાની ગતિમાં કોઈ ઘટાડો થયો નથી તેવી વાસ્તવિકતાની જાણ કરતાં ડો. હર્ષવર્ધને કહ્યુ હતું કે દેશમાં કોરોનાના કેસો ૭૦ લાખની સપાટી વટાવી ગયા છે. પરંતુ દુર્ગા પુજા,દશેરા,દિવાળી અને છઠ પુજા નજીકમાં હોવાથી એવી ચિંતા વ્યાપી રહી છે કે કોરોનાની સંખ્યામાં વધારો થશે કમકે લોકોએ સલામતીના તમામ નિયમો નેવે મુકી દીધા છે. તહેવારોની ઉજવણી વેળાએ સલામતીના ધોરણોનું પાલન કરવામાં આપણે લાપરવાહ રહીશું તો દેશમાં કોરોનાની સ્થિતિ વણસશે અને અમારા માટે મોટી સમસ્યા ઉભી થઈ શકે છે. કોઈ ધર્નો કોઈ ધાર્મિક નેતા એવુ નથી કહેતા કે જીવનને ખતરમાં નાખીને તહેવારોની ઉજવણી કરવી જોઈએ.કોઈ ભગવાન નથી કહેતા કે તમને મોટા પંડાલોમાં પ્રાર્થના કરવાની જરુર છે. જો તમે જાણતા હોય કે બહાર આગ છે અને જો તમે ધર્મના નામે બહાર આગમાં જતા હોય તો આવા તહેવારોનો શું મતલબ ?

આગામી દિવસોમાં નવરાત્રિ,શરદ પુનમ, દશેરા તેમજ દીવાળી જેવા તહેવારોની મોસમ જામશે.ત્યારે આ સમયગાળા દરમિયાન કેન્દ્રીય આરોગ્ય મંત્રી હર્ષવર્ધનન જણાવ્યુ હતું કે લોકોએ વધારે સાવચેતી રાખવી પડશે.લોકોને માસ્ક પહેરવા,સામાજીક અંતર જાળવવાના નિયમનું શિસ્તબધ્ધ રીતે પાલન કરવા સહિત તમામ સતર્કતા રાખવા જણાવ્યું છે. તહેવારો દરમિયાન જો લોકોએ થોડી ઘણી બેદરકારી દાખવી તો તે ભારે પડશે. કોરોના વાયરસ કહેર મચાવશે.

## હિન્દુત્વના મુદ્દે મહારાષ્ટ્રના ગર્વનર અને મુખ્યંત્રી વચ્ચે પત્રયુધ્ધના મંડાણ

મહારાષ્ટ્રમાં ધાર્મિક સ્થળો ખુલ્લા મુકવાના મામલે રાજ્યપાલ કોશીયારી અને મુખ્યમંત્રી ઉદ્દવ ઠાકરે સામસામે આવી ગયા છે. ઉદ્દવઠાકરેને લખેલા એક પત્રમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યુ હતું કે કોવિદ-૧૯ના અટકાવ માટે જરુરી તમામ પગલા સાથે તમામ ધાર્મિક સ્થળો ખુલ્લા મુકવા જોઈએ. પરંતુ કોશિયારીએ પત્રમાં મુખ્યમંત્રી ઠાકરે માટે કરેલી ટિપ્પણીઓના કારણે વિવાદ સર્જાયો છે. કોશીયારીએ પત્રમાં જણાવ્યુ હતું કેમુખ્યમંત્રી હિંદુત્વના મજબુત સમર્થક છે. મુખ્યમંત્રીપદ સંભાલ્યા બાદ તેમણે અયોધ્યાની મુલાકાત લીધી હતી. મને એ વાતનું આશ્ચર્ય થાય છે કે ધાર્મિક સ્થળો નહીં ખોલવાનો તેમનો નિર્ણય માટે તેમને કોઈ દૈવી સંકેત પ્રાપ્ત થયો છે કે કેમ. કે પછી તમે જેને ધિક્કારતા હતા તે બિનસાંપ્રદાયકિતાને વર્યા છો?.કોશીયારીએ પત્રમાં લખ્યું છે કે ઠાકરે સીએમ બન્યા બાદ અયોધ્યામાં રામલલાના દર્શન,પંઢરપુરમાં વિઠ્ઠલ રુકુમણી મંદિર ખાતે કરેલી પુજાની યાદ અપાવી હતી.

રાજ્યપાલ કોશીયારીના શબ્દો સામે ઉગ્ર વાંધો લેતા ઉદ્દવ ઠાકરેએ વળતા પ્રહારમાં જણાવ્યુ હતું કે મારે હિદુત્વના મામલે કોઈની પાસેથી પાઠ શીખવાની જરુર નથી. રાજ્યમાં કોરોના મહામારીની સ્થિતિની સંપુર્ણ ચકાસણી પછી જ ધાર્મિક સ્થલો ખોલવા અંગે નિર્ણય લેવાશે. મારે કોઈની પાસેથી હિંદુત્વનું પ્રમાણપત્ર લેવાની જરુર નથી. બિનસાંપ્રદાયિકતા પરની રાજ્યપાલની ટિપ્પણીનો જવાબ આપતાં ઠાકરેએ કહ્યુ હતું કે રાજ્યપાલ કોશીયારી કદાચ એવું માને છે કે સરકાર મંદિરો ખોલવાની પરવાનગી આપે તો હું હિદુત્વનો સમર્થક અને ન આપે તો હું બિનસાંપ્રદાયિક, તમે રાજ્યપાલ તરીકે જે બંધારણના શપથ લીધા તેનો મુખ્ય હિસ્સો બિનસાંપ્રદાયિકતા નથી ?



સરકારની ફરજ એ છે કે તે નાગરિકોની સંવંદના અને આસ્થાને ધ્યાનમાં લેતી વખતે તેમના જીવનોની પણ કાળજી લે. એકદમ લોકડાઉન લાદી દેવો અને અચાનક જ ઉઠાવી લેવો ખોટી બાબત છે. હજુ થોડાક દિવસો પહેલા કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ આ બાબતે ખુલાસો આપ્યો હતો કે માત્ર ધર્મ સ્થળો પર એકઠા થઈને પુજા કરવાથી જ ધર્મ જળવાય છે તેવી માન્યતા ખોટી છે. જ્યારે કેન્દ્રીય મંત્રીશ્રીના સુચનોથી વિરુધની વાત મહારાષ્ટ્રના ગર્વનરશ્રીએ કરેલી છે. માત્ર ભાજપની સરકાર નહી હોવાથી મહારાષ્ટ્રની સરકારને યેનકેનપ્રકારે બદનામ કરવી આ એકજ મકસદ દેખાઈ રહ્યો છે. આમ કેન્દ્રની નીતિ અને રાજ્ય સરકારની નીતીમાં મોટો ફક્ક દેખાઈ રહ્યો છે.ઠાકરેએ હજુ ઘણુ સહન કરવાનું છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું#લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

#kwws=22#mdjdglvkfkulvwldq1frp

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકkwws=22idfherrn1frp2urelq1gkrodnld પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

કાળા ધનની વિરુધ્ધ વડાપ્રધાન મોદીએ જોરદાર અભિયાન ચલાવેલું. અને એમના ચુંટણી પ્રચાર અભિયાનનો આ સૌથી મોટો મુદ્દો હતો.દેશની પ્રજાને તેમના સેવિંગ્સ બેક એકાઉન્ટમાં રુ.૧૫ લાખ આપવાની વાત કરી હતી. સ્વિસ બેન્કોમાં ભારતીયોનું કાળુ ધન છુપાયેલુ છે તેને ભારત પરત લાવવાની મોટી ડંફાસ ફેકી હતી. પાછળથી અમિત શાહે આ બાબતને જુમલો ગણાવીને તેને માંડવાળ કરવાની વાત કરી હતી. પ્રથમ સ્વિસ બેન્કમાં ખાતા ધરાવતા ભારતીયોની પ્રથમ યાદી મળી હતી. અને ત્યાર બાદ હવે બીજી યાદી મળી છે. પરંતુ પહેલી યાદી મળી તેમાં નેતાઓ, બિઝનેસ પર્સન તથા અન્યોના ખાતા હતા. જેમાં કોર્ટ દ્વારા આવી યાદીઓના નામો જાહેર કરવા અંગે મનાઇ ફરમાવાઇ હતી. જો કે હજુ સુધી એ બાબત નક્કી થઇ નથી કે કેટલાક રુપીયા આ ખાતાઓમાં પડેલા છે અને તેમાંથી કેટલા નાણાં દેશમાં પરત લાવી શકાય તેમ છે. તેની જાહેરાત સરકારે કરવી જોઇએ. જો સરકાર વિવિધ કંપનીઓ વેચી કાઢીને પણ નાણાં એકત્રીત કરી શકતી હોય, રેલવે વેચી શકતી હોય અને છેલ્લે રિઝર્વ બેન્કના ભંડારોમાંથી નાણાં ઉલેચી શકતી હોય તો તેમણે સ્વીસ બેન્કોમાંથી દેશના હિતમાં આ નાણાં લાવીને વાપરવા જોઇએ.સ્વિત્ઝરલેન્ડે કહ્યુ છે કે ૮૬ દેશોની સાથે ૩૧ લાખ નાણાંકીય ખાતા અંગેની માહીતી શેર કરવામાં આવી છે. ચુંટણીઓ વખતે જે આંકડા બતાવવામાં આવ્યા હતા તેવા કાળા નાણાંનો કોઇ ચોક્કસ આંકડો દેખાતો નથી. પહેલા સપ્ટે.૨૦૧૯માં ભારત સહિત ૭૫ દેશોની સાથે માહિતી શેર કરવામાં આવી હતી. ભારત એ ૮૬ દેશોમાં સામેલ છે. જેમની સાથે સ્વિત્ઝરલેન્ડની એફટીએએ આ વર્ષે એઇઓઆઇ પર વૈશ્વિક માપદંડોના માળખાની અંદર નાણાકીય ખાતાની જાણકારી આદાનપ્રદાન કરી છે. આ પહેલા સુચનાના આદાન-પ્રદાનમાં લગભગ ૩૧ લાખ નાણાંકીય ખાતા સામેલ હતા.જોકે વ્યક્તવ્યમાં સ્પષ્ટ રીતે એમાં ભારતનું નામ સામેલ નહતું.અધિકારીઓના કહેવા અનુસાર ભારત એ પ્રમુખ દેશોમાં સામેલ છે. જેમની સાથે સ્વિત્ઝલેન્ડે સ્વિસ બેન્કોના ગ્રાહકો અને વિભિન્ન અન્ય નાણાંકીય સંસ્થાનોને બેન્કોના ખાતા અંગેની માહીતી શેર કરી હતી. આપણી સરકારે આ ખાતાઓની વિગત જાહેર કરવી જોઇએ.

## દેશમાં બળાત્કારીઓ વિરુધ્ધ ઠેર ઠેર દેખાવો : દિલ્હીમાં દેખાવકારોની ભારે ભીડ જમા

ઉત્તરપ્રદેશ સહિત દેશના વિવિધ ભાગોમાં મહિલાઓ પર અત્યાચારની અવિરત ઘટનાઓ ચાલી રહી છે જેને પગલે સમગ્ર દેશમાં ભારે આક્રોશ વ્યાપી રહ્યો છે.રાજકીય નેતાઓ,કાર્યકરો અને સામાન્ય લોકો આવા ગુનેગારોને ન્યાયના કઠેડામાં લાવવાની માંગણી કરી રહ્યા છે. દેશમાં લોકો ઠેર ઠેર રોડ પર ઉતર્યા છે અને વિરોધ પ્રદર્શનો કરી રહ્યા છે. પરંતુ ગુનેગારોને કોઇ ખોફ ન હોય તેમ મહિલાઓ સાથે રેપ અને હિંસાની ઘટનાઓ વધી જ રહી છે. હાથરસ અને બલરામપુરમાં સગીરા સાથે રેપ બાદ તેના મોતથી દેશમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. ત્યરો જ યુપીના જ ભદોહીમાંથી વધુ એક શર્મસાર કરતી ઘટના પ્રકાશમાં આવી છે. અહી પછાત વર્ગની કિશોરી સાથે ક્રુરતા આચરવામાં આવી છે. રાજસ્થાનમાં બે સગીરાઓએ તેમની સાથે ત્રણ દિવસ સુધી રેપ થયાનો આક્ષેપ કર્યો છે. આસામ અને તામિલનાડુમાં કિશોરી અને મહિલા સાથે દરિંદગી આચરવામાં આવ્યા હોવાના અહેવાલો આવ્યા છે.

કેટલાક બેજવાદાર નિવેદનોને કારણે પ્રજામાં આક્રોશ વ્યાપી ગયો છે. યુપીના મુખ્યમંત્રી બાબતે એવા અહેવાલો આવ્યા છે કે તેમણે કહ્યુ હતું કે અમારે ગાયોની સલામતી માટે કામ કરવાનું છે નહિ કે છોકરીઓની.તેના કારણે લોકોમાં ભારે ગુસ્સો છે. એ સિવાય પોલીસનું દમન પણ લોકોનો ગુસ્સો ભડકાવી રહ્યુ છે. દિલ્હી તરફ કુચ કરવાના કેટલાક રાજકારણી નેતાઓએ આપેલા આદેશ બાદ દિલ્હીની સરહદો સીલ કરવામાં આવી રહી છે. પરિણામે રાજકીય હડકંપ મચી જશે અને તેનો લાભ આવનારી ચુટણીઓમાં લેવાશે તેવુ દેખાઇ રહ્યું છે.

## આરટીઓની સંખ્યાબંધ કામગીરીમાં આધાર બાયોમેટ્રિક ઓળખ માન્ય કરાશે : ઘેરબેઠા ડ્રાઇવીંગ લાયસન્સ રીન્યુ શક્ય બનશે

દેશભરમાં આરટીઓને લગતી સંખ્યાબંધ કામગીરી માટે આરીટીઓ ઓફિસ ના જવું પડે તે માટે આધાર થકી બાયો મેટ્રીક ઓળખને માન્ય કરવાની દરખાસ્ત માટે પરિવહન મંત્રાલય અને આઇટી વિભાગ વચ્ચે સંકલન સાધવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારે દેશભરમાં વાહન રજીસ્ટ્રેશન,લર્નિંગ લાયસંસ,ડ્રાઇવિંગ લાયસંસ વગેરેને આધાર બાયોમેટ્રીક ઓથેન્ટિકેશનથી જોડવાનો પ્રયાસ તૈયાર કર્યો છે. આ તમામ કામ ઓનલાઇન થવાના કારણે લોકોને આરટીઓ કચેરીથી ચક્કર કાપવા પડશે નહીં. સાથે જ આરટીઓમાં વ્યાપ્ત ભ્રષ્ટાચાર પર અંકુશ લાગશે.

સુત્રોના કહેવા અનુસાર આ બાબતને કેન્દ્રીય રોડ, ટ્રાન્સપોર્ટ અને નેશનલ હાઇવે મંત્રાલયે ઇન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી મંત્રાલયની પાસે પ્રસ્તાવ મોકલ્યો છે.રોડ-પરિવહન મંત્રાલયનું કહેવુ છે કે લોકોને લર્નિંગ લાયસન્સની ઓનલાઇન સુવિધા મળવી જોઇએ. આ સિવાય વાહન રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ, ડ્રાઇવીંગ લાયસન્સ વગેરેના રિન્યુઅલ તથા સરનામુ બદલવું વગેરે કાર્યો માટે પણ આધાર બાયોમેટ્રીક ઓથેન્ટીકેશનના માધ્યમથી શક્ય કરવું જોઇએ.

આ તમામ કામગીરી માટે આધારનો ઉપયોગ કરવાના અન્ય ફાયદા પણ છે. એક વ્યક્તિ અલગ-અલગ રાજ્યમાંથી ડ્રાઇવિંગ લાયસન્સ બનાવડાવી શકસે નહી. એટલે ડ્રાઇવીંગ લાયસન્સમાં છેતરપીડી અટકશે, કેમકે કેટલાય લોકો બે રાજ્યોમાંથી ડ્રાઇવીંગ લાયસન્સ બનાવી લે છે. જેના કારણે ગુનાખોરીમાં પ્રોત્સાહન મળે છે. આ ઉપરાંત કારના ડુપ્લીકેટ નંબર, ખોટી પ્લેટ જેવી છેતરપીંડી પર પણ તરાપ આવે તેવી સંભાવના છે.

## રાજ્યમાં નવરાત્રિ ગરબા પર પાબંધી , આરતીની છુટ : સરકારનો નિર્ણય

કોરોના વાઇરસનો ફેલાવો રોકવામાં મળેલી નિષ્ફળતાને કારણે સરકારે નવરાત્રિના તહેવારોમાં ગરબા પર પાબંધી લગાવી,પરંતુ આરતીના નામે છુટ આપી છે. જો કે આરતીમાં પણ સોશ્યલ ડિસ્ટન્સ જળવાશે તેવું કહેવુ અઘરુ છે.પરંતુ લોકોની ભાજપ માટે ધીમે ધીમે જે પ્રેમભાવ ઓછો થતો જાય છે તેનાથી બચવા આવા નિર્ણયો લેવા પડે તેવી સ્થિતિ છે. સામે પક્ષે સરકારને ચુંટણીઓનો સામનો કરવાનો છે તેમાં પણ મતદારોને રીઝવવાના છે,સંમેલનો ભરવાના છે વિગેરે વિગરે પરંતુ કેટલાક તજજ્ઞોની રાય છે કે સોસ્યલ ડિસ્ટન્સ જળવાતું નથી અને તેનાથી કોરોનાનો કેર એકદમ વધી જવાનો સંભવ છે.

સરકારી આદેશ અનુસાર પાર્ટી પ્લોટ,ખુલ્લા મેદાનો, સોસાયટીના કોમન પ્લોટ કે અન્ય ખુલ્લા સ્થળોએ સામાજિક,શૈક્ષણિક,રમત-ગમત,મંનોરંજન,સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ધાર્મિક તેમજ અન્ય જાહેર સમારોહ યોજના સ્થાનિક પોલીસ ઓથોરીટી પાસેથી મંજુરીના નિયમોમામં રાજ્યમાં જાહેર કે શેરી ગરબા સહિત કોઇપણ પ્રકારના ગરબા યોજી શકાશે નહીં.એમ જણાવાયું છે. તેની સાથે જ સ્થાનિક વહીવટી તત્રની પુર્વ મંજુરીથી જાહેરમાં ગરબી, મુર્તિની સ્થાપના, પબુજા અને આરતી યોજવાની મુક્તિ આપી છે. આ કાર્યક્રમમાં વધુમાં વધુ ૨૦૦ માણસોને એકઠા થવા પર છુટ આપવામાં આવી છે.જ્યારે ફોટા,પ્રસાદ વિતરણ,પર પ્રતિબંધ મુકાયો છે.

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ

એ. એમ. મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

DJQHOR#IUHH#PDUULDJH
VHUYHFHV#LQGLD
djqhoriuhhpduuldjhexuhdxCjpdlo1frp1
sdupdubndqx5335C|dkrr1fr1lq
#####kwws=22mdjdglvkfkulvwldq1frp2
#####Frqdfw#Qr133<4#<;577;<677/
#####+U,33<4059<50593665

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

### ગ્રામ ગુજરાતની ડિજીટલ ક્રાંતિ

# ડિજીટલ સેવા સેતુ

## ગ્રામ્ય ગુજરાતમાં સરકારી સેવાઓને ઓનલાઇન અને ઘર આંગણે પહોચાડવાના અભિગમની શરુઆત કરતાં મુખ્યમંત્રીશ્રી વિજય રુપાણી

પહેલાં જે સરકારી વહીવટી સેવાઓના કામ માટે જિલ્લા-તાલુકા મથકે જવું પડતું હતું તે કામ હવે ગ્રામ પંચાયતમાં જ ઓછામાં ઓછા સમયમાં ઉપલબ્ધ રહેશે.

એફિડેવિટ પણ ગામમાં જ થઇ જશે. એફિડેવિટ કરવાની સત્તા ગ્રામપંચાયત કક્ષાએ તલાટી-કમ-મંત્રીને આપવામાં આવશે.

ડીજીટલ ગુજરાત મિશન અંતગર્ત છેવાડાના માનવી સુધી ટેકનોલોજી અને વહીવટી સરળતાનો લાભ પહોચાડવા ડિજીટલ સેવા સેતુ થકી.

આવકનો દાખલો : રેશનકાર્ડની સેવાઓ : બિન અનામત વર્ગો માટેના દાખલા વિધવા હોવા અંગેનું પ્રમાણપત્ર :ધાર્મિક લઘુમતી અંગેનું પ્રમાણપત્ર :૭-૧૨ અને ૮-અ ના ઉતારા

જેવી ૨૨ થી વધુ પ્રકારની સરકારી સેવાઓના લાભ ગ્રામ પંચાયત કક્ષાએજ સરળતાથી મેળવી શકાશે. પ્રથમ તબક્કામાં ૨૦૦૦ અને ડિસેમ્બર૨૦૨૦ સુધીમાં ૮૦૦૦ ગ્રામ પંચાયતો ને આવરી લેવાશે.

સમયની થશે બચત : બિનજરુરી ખર્ચમાંથી મુક્તી : ગ્રામ્ય કક્ષાએ પંચાયત ઓફિસેથી જ થશે સેવાઓની પુર્તિ :ઓછામાં ઓછા સમયમાં જરુરી સેવાઓના લાભ :તમામ સેવાઓ એકજ ઓફિસેથી થસે પ્રાપ્ત.

માસ્ક પહેરીએ, સાબુથી વારંવાર હાથ ધોઇએ, સામાજિક અંતર જાળવી રાખીએ અને સુરક્ષિત રહીએ.

નીતિનભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

# વિશ્વના શક્તિશાળી નેતા અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કોરોના વાયરસથી સંક્રમિત



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ફસ્ટ લેડી મેલેનીયા ટ્રમ્પના કોરોના ટેસ્ટ પોઝીટીવ આવતાં સમગ્ર વિશ્વમાં હડકંપ મચી ગયો છે. પ્રમુખ ટ્રમ્પના અંગત સહાયક હોપ હિક્સ કોરોનાથી સંક્રમિત થયા પછી પ્રમુખ અને ફસ્ટ લેડીના ટેસ્ટ કરાયા હતા.હોપ હિક્સ ગયા સપ્તાહમાં સંખ્યાબંધ વાર ટ્રમ્પ સાથે પ્રવાસ કરી ચુક્યા હતા.પ્રમુખ ટ્રમ્પે ટ્વિટ કરીને જણાવ્યુ હતું કે મારા અને ફસ્ટ લેડી મેલેનીયાના કોરોના ટેસ્ટ પોઝીટીવ આવ્યા છે. અમેરિકામાં નવેમ્બરમાં પ્રમુખપદની ચુંટણી આવી રહી છે. ત્યારે કોરોના સંક્રમણને કારણે ટ્રમ્પના પ્રચાર અભિયાનમાં મોટો ફટકો પડે તેવી સંભાવના છે. ટ્રમ્પે જણાવ્યુ હતું કે અમે ક્વોરેન્ટાઈન થવાની અને સારવારની પ્રક્રિયા શરુ કરી દીધી છે. અમેરિકામાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. તેમ છતાં કોરોના મહામારીનો બદતર સમય પસાર થઇ ગયો છે તેવું અમેરિકી પ્રજાને સમજાવવાના ટ્રમ્પના પ્રયાસોને કોરોનાથી સંક્રમિત થવાના કારણે મોટો ફટકો પડ્યો છે. તાજેતરના ઈતિહાસમાં અમેરિકી પ્રમુખના આરોગ્ય પર ગંભીર પડકાર સર્જાયો હોય તેવી આ પ્રથમ ઘટના છે.

મેડિકલ નિષ્ણાંતોએ જણાવ્યુ છે કે ડોનાલ્ડ્ ટ્રમ્પ ભલે વિશ્વના સૌથી શક્તિશાળી વ્યક્તિ હોય પરંતુ કોરોના સંક્રમણ તેમના માટે ચિંતાનો વિષય છે. ૭૪ વર્ષની ઉંમર મેદસ્વિતા અને પુરુષ હોવાના કારણે તેમનું કોરોના સંક્રમણ ગંભીર બનવાની સંભાવના નકારી શકાય નહીં.નિષ્ણાંતોનું કહેવું છે કે જે લોકો ૭૯ વર્ષથી વધુ વયના છે તેમનામાં અન્ય શારીરીક તકલીફોના કારણે કોરોના સંક્રમણ ભયજનક સાબિત થઇ શકે છે. ઉંમર વધવાની સાથે કોરોનાનું જોખમ પણ વધે છે.

# દેશમાં કોરોના સંકટમાં રાજ્યોમાં મેડિકલ ઓક્સિજનની ભારે અછત પ્રવર્તી રહી છે

ભારતમાં કોરોના વાઈરસના કેસીસની સંખ્યા ચિંતાજનક રીતે વધી છે ત્યારે ભારતના અનેક રાજ્યોમાં મેડિકલ ઓક્સીજનના પુરવઠાની સમસ્યા સર્જાઇ રહી છે. ઉત્પાદકો માંગને અનુરુપ પુરવઠો પહોચાડવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

મેડીકલ ઓક્સીજનનું ઉત્પાદન કરતાં મોટાભાગના પ્લાન્ટસ પુર્વીય અને પશ્ચિમ ભારતમાં છે.જેના કારણે ઊંચ વસ્તી ધરાવતા ઉત્તર અને મધ્ય ભારતમા ઝડપથી જરુરી મેડીકલ સપ્લાય મળતો નથી. રાજધાની નવી દિલ્હી તેમજ બિહાર અને મધ્યપ્રદેશ રાજ્યોની સંયુક્ત વસ્તી લગભગ ૨૦ કરોડ છે.પરંતુ અહીં મેડીકલ ઓક્સીજનનું ઉત્પાદન કરતું એક પણ એકમ નથી.

ઓલ ઈન્ડીયા ઈન્ડ્સ્ટ્રીયલ ગેસીસ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશનના પ્રમુખ સાકેત ટિકુએ જણાવ્યુ હતું કે માર્ચ મહિનામાં ભારતમાં કોરોના વાયરસના કન્ફર્મ કેસીસ ૧૩૦૦ હતા ત્યારે દેશમાં પ્રતિદિન લગભગ ૭૫૦ ટનચ મેડિકલ ઓક્સિજનનો ઉપયોગ થતો હતો. હવે સપ્ટેમ્બરમાં એનું પ્રમાણ વધીને ૨૮૦૦ ટન થયું છે. જેના કારણે માંગને અનરુપ પુરવઠો પહોચાડવામાં ખુબ જ સમસ્યાનો સામનો કરવો પડે છે.તેમણે વધુમાં જણાવ્યુ હતું કે મેડિકલ ગ્રેડ ઓક્સિજનનું વધારે ઉત્પાદ કરવાના દબાણ સિવાય મેડિકલ ઓક્સિજનના પરિવહન માટે જરુરી મોબાઇલ ક્રાયોજેનિક ટેન્કર્સની સંખ્યા પણ મર્યાદિત છે. આ પહેલા હોસ્પીટલ પાસે ૭ દિવસ માટેનો સપ્લાય રહેતો હતો.પરંતુ હવે તેઓ ચાર દિવસનો જ સ્ટોક જાળવી શકે છે. એનાથી ખુબજ ડરની સ્થિતિ રહે છે. કેમકે જો હોસ્પીટલનો સ્ટોક પુરો થાય અને નવો સ્ટોક ન મળે તો એવી સ્થિતિમાં દર્દીઓની સારવાર પર ખુબજ અસર થઇ શકે છે. સરકારે કોરોના ના દર્દીઓને ખાનગી હોસ્પીટલમાં સારવાર માટે છુટછાટ આપી છે પરંતુ ઘણી ખાનગી હોસ્પીટલોમાં ઓક્સીજનની વ્યવસ્થા મળતી નથી.

સરકારે તાજેતરની સ્થિતિની સમીક્ષા કરીને ઓક્સીજન પરદેશથી આયાત કરવા અંગેની વિચારણા કરીને આયાત મંજુરી આપી છે.

## જાણવા જેવું !

૧૮૮૭માં મોન્ટાનામાં બરફનો વરસાદ પડ્યો ત્યારે બરફના કરા ૧૫ ઇંચ પહોળા અને ૮ ઇંચ જાડાઇ ધરાવતા હતા.અત્યાર સુધીમાં આવો બરફનો વરસાદ વિશ્વમાં કોઇ પણ ઠેકાણે પડ્યો નથી.

વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.

ચરકને વિશ્વના સૌથી મહાન વૈદ્ય માનવામાં આવે છે.તેમના દ્વારા લિખિત ગ્રંથ ચરકસંહિતાને વિશ્વના બહોળા દેશોમાં અનુસરવામાં આવે છે.આધુનિક ચિકિત્સાશાસ્ત્રના પાયા આયુર્વેદમાં રહેલા છે.

૧૯મી સદીમાં સાઇબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

૧૮૮૭માં મોન્ટાનામાં બરફનો વરસાદ પડ્યો ત્યારે બરફના કરા ૧૫ ઇંચ પહોળા અને ૮ ઇંચ જાડાઇ ધરાવતા હતા.અત્યાર સુધીમાં આવો બરફનો વરસાદ વિશ્વમાં કોઇ પણ ઠેકાણે પડ્યો નથી.

મિસ યુનીવર્સની સ્પર્ધા પહેલી વાર ૧૯૫૨માં કેલીફોર્નીયામાં યોજાઇ હતી.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક #<;5849<6;9



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



## ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

### યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

**એકસ.સીની.કન્સલ્ટન્ટ,**
**રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ**
**એકસ.સીની.કન્સલ્ટન્ટ**
**મોરારજી દેસાઇ આરોગ્યધામ,**
**હેલ્થ-વેલ્થ પ્લાનર**
**ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર**
**મો.૯૩૭૬૧ ૦૦૮૯૮**

H1pdlo#-#gukdpsdulnkC|dkrr1fr1lq



## કાર ભાડે મળશેબ



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.